

# હાથફૂલનું મોડર્ન અને ગ્લેમરસ રૂપ
# પામ કફ

**ફેશનની દુનિયામાં કોઇ પણ ફેશન લાંબો સમય રહેતી નથી. જે ફેશન કાલે ટ્રેન્ડમાં હતઈ એ આજે આઉટડેટેડ થઈ જાય છે. આજકાલ ફેશનની દુનિયામાં પામ કફ પહેરવાનો એક નવો ટ્રેન્ડ છવાયેલો છે. બંગડી, બ્રેસલેટ, રીંગને બદલે પામ કફ ડિઝાઈન્સ વાયરલ થઇ રહી છે. પામ કફ એક સ્ટાઈલિશ હેન્ડ જ્વેલરી છે એ સામાન્ય બંગડી અને બ્રેસલેટથી અલગ હોય છે.**

પામ કફ હથેળીની ઉપર અથવા કિનારા પર પહેરવામાં આવે છે. એ બેહદ એલિગંટ અને મોડર્ન લાગે છે. કેટલીક ડિઝાઇન્સમાં આંગળીઓ સાથે જોડવા માટે ચેન કે રીંગ પણ હોય છે. આ જ્વેલરી જોવામાં મોડર્ન લાગે છે પરંતુ એ પારંપારિક હાથફૂલનું એક આધુનિક અને ગ્લેમરસ રૂપ છે જેને Gen Zમાં ઘણી લોકપ્રિયતા મળી રહી છે. ખાસ વાત એ છે કે એને ટ્રેડિશનલ અને વેસ્ટર્ન બંને પ્રકારના આઉટફીટ્સ સાથે પહેરી શકાય છે. એ બોલિવૂડ હસ્તીઓ અને ફેશન ઇન્ફ્લુએન્સર્સમાં ઘણા ટ્રેન્ડમાં છે. એ કાર્પેટ ઇવેન્ટસથી માંડી મ્યુઝિકલ ફેસ્ટિવલ સુધી જોવા મળે છે.





## હાથફૂલ

ઓરિજીનલી હાથફૂલ એક કંગન હતાં જે નાની ચેન અથવા બીડ્સથી રીંગ્સ સાથે જોડાયેલા હતા. મુઘલ અને પર્શિયન કાળમાં મહિલાઓ કુંદન, પોલકી અને અનકટ ડાયમન્ડ્સ જડિત હાથફૂલ પહેરતી હતી. જેમાં મોટા ભાગે ફૂલોની બારીક ડિઝાઇન્સ હતી. રાજપૂત રાણીઓએ એને એક શાહી કળાનું રૂપ આપ્યું અને પર્શિયન ડાન્સર્સે એને દુનિયાભરમાં લોકપ્રિયતા અપાવી.

હવે હાથફૂલનું મેકઓવર થયું છે. એ દુલ્હનના લુકમાં હજુ પણ દેખાય છે પરંતુ એણે ડેઇલી વેરમાં પણ પોતાની જગ્યા બનાવી દીધી છે.

પામ કફ સિલ્વર, ગોલ્ડ, જેમ સ્ટોન, બ્રાસ, સ્ટેનલેસ સ્ટીલ જેવા અલગ અલગ મટીરિયલ્સમાં આવે છે. એક તો હોય છે સિમ્પલ કફ્સ જેની ડિઝાઈન મિનિમલ, સ્લીક અને એલિગન્ટ હોય છે. આમાં વધારે સજાવટ હોતી નથી. ફક્ત મેટલની સુંદર ચમક જ એની સુંદરતા હોય છે.

સ્ટેટમેન્ટ કફ થોડો બોલ્ડ અને અટ્રેક્ટિવ લુક આપે છે. એમાં બારીક નકશીકામ, મોટી પેટર્ન અને ભારે ડિઝાઈન હોય છે. જે પહેલી નજરે જ લોકોનું ધ્યાન આકર્ષે છે. ખાસ પ્રસંગ માટે આ પર્ફેક્ટ છે. આ ઉપરાંત એમ્બેલિશ્ડ કફ પણ મળે છે. જેમાં ક્રિસ્ટલ્સ, મોતી, બીડ્સ કે કલરીંગ સ્ટોન્સ જડેલાં હોય છે જે લક્ઝરી લુક આપે છે. નેચર ઇન્સ્પાયર્ડ કફની ડિઝાઈનમાં ફૂલ, પાંદડાં, પક્ષી વગેરે હોય છે. આ કફ્સ નાજુક, એલિગન્ટ અને આર્ટિસ્ટિક લાગે છે.







## કેવી રીતે પહેરશો?

જો તમે મિનિમલ જ્વેલરી પસંદ કરતાં હો તો માત્ર એક પામ કફ જ તમારા લુકને સ્પેશ્યલ બનાવી શકે છે. એ પહેર્યા બાદ હાથની સુંદરતા વધારવા માટે બંગડી, બ્રેસલેટ કે વીંટી પહેરવાની જરૂર નથી.

» પામ કફ સાડી, લહેંગા જેવા ટ્રેડિશનલ આઉટફિટ્સની સાથે સાથે ઓવર સાઇઝ્ડ બ્લેઝર, ગાઉન જેવા વેસ્ટર્ન આઉટફીટ્સ સાથે પણ પહેરી શકાય છે.

» બટરફ્લાય કે ફૂલ જેવી પેટર્નવાળા પામ કફ તમારી હથેળીને એક ખૂબસૂરત આને આકર્ષક લુક આપે છે.

» કફ તમારાં કાંડા અને હથેળી પર સહેલાઇથી ફિટ થાય એ ધ્યાન રાખો. એ બહુ ટાઇટ કે ઢીલાં ન હોવાં જોઇએ.

» રીફાઇન્ડ અને મિનિમલિસ્ટ લુક માટે સિલ્વર પામ કફ પસંદ કરો. કફને ફોકલ પોઇન્ટ બનાવવા માટે અન્ય એક્સસરીઝ ઓછી જ રાખો.

» એક હાથ પર ઘણાં પામ કફ્સ પહેરી બોલ્ડ લુક મેળવી શકાય. એને વિશિષ્ટ અને ધ્યાનાકર્ષક બનાવવા માટે અલગ અલગ ડિઝાઇન્સ અને સાઇઝ સાથે એક્સપરિમેન્ટ કરો.

» સિલ્વર પામ કફને ફ્લોઇંગ મેક્સી ડ્રેસ, ફ્રિંઝવાળા ટોપ કે વાઇબ્રન્ટ પ્રિન્ટ સાથે પહેરી બોહેમિયન લુક મેળવી શકાય.

હેન્ડ પામ જ્વેલરી એક એક્સેસરી કરતાં કંઇક વિશેષ છે. એ એલિગન્સ, વ્યક્તિત્વ અને સાંસ્કૃતિક ધરોહરનું પ્રતીક છે. જો તમે ટ્રેડિશનલ જ્વેલરીથી અલગ કંઇ નવું ટ્રાય કરવા ઇચ્છતાં હો

